
**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૨૦ ટકા

## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




સાહેબ, તમે ભલે તમારા સ્વજન માટે ઓક્સિજન, રેમડેસિવિર, અને બેડ બ્લેકમાં ખરીદયા... પણ અમારું કફન તો વ્હાઈટમાં જ આવશે... !!

# શુક્રવાર બપોર પછી સચિવાલય સહિતની સરકારી કચેરીઓમાંથી કર્મચારીઓનું પલાયન..!!

### વૈકલ્પિક સ્ટાફથી કામ ચલાવવાની નીતિના કારણે અને કર્મચારીઓમાં સંક્રમણને પગલે આમ પણ પાંખી હાજરી હતી : શનિ-રવિની રજાઓને અનુલક્ષીને શુક્રવારે બપોરથી જ કર્મચારીઓએ ઘરની વાટ પકડી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં આજે બપોર પછી નવા સચિવાલય સુમસામ બની જવા પામ્યું હતું. કોરોના સંક્રમણની વ્યાપકતાને કારણે આમ પણ સરકારી કચેરીઓમાં ઓછા સ્ટાફથી કામગીરી ચલાવવાની નીતિ અપનાવાઈ રહી છે અને એમાં શનિ-રવિની બે સળંગ રજાઓ આવતી હોવાથી શુક્રવાર બપોરથી જ સચિવાલયમાં જાણે કાગડાં ઉડવા લાગ્યાં હતા. આ પ્રકારની સ્થિતિ જો કે જુના સચિવાલય અને પાટનગરના અન્ય સરકારી ભવનોની કચેરીઓમાં પણ આ જ પ્રકારની પરિસ્થિતિ અનુભવાઈ હતી. હવે સોમવારે ફરી પાટનગર ધબકતુ થશે.



કોરોના સંક્રમણની અત્યંત કપરી બનેલી સ્થિતિમાં લગભગ દરેક સરકારી કચેરીમાં કોરોના પોઝીટીવ કેસો હોવાની સ્થિતિ જોવા મળી રહી છે જેના કારણે આમ પણ સરકારી કચેરીઓમાં સ્ટાફની હાજરી પર અસર પડી છે. વળી, સંક્રમણ ભયજનક રીતે વધી રહ્યું હોવાથી કચેરીઓમાં કર્મચારીઓને વૈકલ્પિક દિવસે બોલાવવાની નીતિના કારણે કેટલીક કચેરીઓમાં તો સ્ટાફની હાજરી સાવ ત્રીસેક ટકા સુધીની થઈ જવા પામી છે. નવા સચિવાલય હોય કે જૂના સચિવાલય તેમજ ઉદ્યોગભવન, કર્મયોગી ભવન, સહયોગ સંકુલ કે અન્ય સરકારી ભવનોની કચેરીઓમાં પણ આજ પ્રકારની સ્થિતિ જોવા મળી રહી છે અને કચેરીઓમાં સ્ટાફની હાજરી તદ્દન પાંખી જોવા મળી રહી છે. એમાં પણ શનિ-રવિની સળંગ બે રજા આવતી હોવાને કારણે શુક્રવાર બપોરથી જ રહ્યાં સહ્યાં કર્મચારીઓ રજાના મૂડમાં આવી ગયાં હતા કેમ કે આમ પણ અધિકારીઓ-કર્મચારીઓની પાંખી હાજરીમાં મોટા ભાગની કચેરીના કામકાજ ઠપ્પ જેવા છે અને મુલાકાતીઓની સંખ્યા પણ નહિંવત હોવાથી મોટે ભાગે જેમ તેમ કરીને દિવસ પુરો કરી રહેલા કર્મચારીઓએ શુક્રવારે બપોર પછી વહેલીતકે ઘર તરફ પ્રયાણ કરવાનું મુનાસિબ માનતા સાંજ સુધીમાં તો કચેરીઓ ખાલી થઈ ગઈ હતી. જો કે આરોગ્ય વિભાગની કચેરીઓ પર અત્યારે કાર્યભાર વધુ હોવાથી તેમાં ચહલપહલ જોવા મળતી હતી. હવે સળંગ બે દિવસ કચેરીઓ બંધ રહેશે જે કોરોનાના સંક્રમણને વધુ ફેલાતું અટકાવવામાં મદદરૂપ બનશે.

### રમતગમત બંધ હોવા છતાં એસએજીમાં પુરી હાજરી માટે અધિકારીનું દબાણ

જૂના સચિવાલય ખાતે આવેલી સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતની કચેરીમાં તમામ સ્ટાફને ફરજ પર હાજર રહેવા દબાણ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. એક તરફ જ્યાં સરકાર દ્વારા વૈકલ્પિક હાજરીથી કામ ચલાવવાની નીતિ પર ભાર મુકવામાં આવી રહ્યો છે અને હાલ કોરોના સંક્રમણની અતિ વિષમ સ્થિતિમાં રાજ્યમાં રમત-ગમત પ્રવૃતિ સદંતર બંધ હોવાને કારણે ભારણ ના હોવા છતાં એસએજીના સચિવ દ્વારા બધા કર્મચારીઓને ફરજિયાત હાજર રહેવા ફરજ પાડવામાં આવી રહી હોવાનું કર્મચારીઓ નામ નહીં આપવાની શરતે જણાવી રહ્યાં છે. અગાઉ પણ અનેકવાર સચિવના તુંડ મિજાજી સ્વભાવનો ભોગ વારંવાર બનેલા કર્મચારીઓને આવા કોરોના કાળમાં પણ ફરી સંવેદનશીલ અભિગમનો સામનો કરવો પડી રહ્યો છે. એસએજીમાં મોટા ભાગનો સ્ટાફ આઉટસોર્સિંગનો હોવાથી તેઓ અધિકારીની મનમાની મને-કમને પણ વેઠી અવાજ ઉઠાવી શકતા નથી અને કચેરીમાં ગેરહાજર રહેનાર કર્મચારી પર નોટીસ સાથે વેતન કપાતનો ડર દેખાડવામાં આવી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે.

## જન્મદિને વધામણી



ૠષિ નરેન્દ્રકુમાર પટેલ

## ગાંધીનગર શહેરમાં ૪૫ કોરોના પોઝીટીવ મૃતકોની અંતિમવિધી કરાઈ

ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગર શહેરમાં પણ કોરોના કહેર મચાવતા મૃતકોની સંખ્યા વધતી જાય છે. ગાંધીનગર કોવીડ હોસ્પિટલના તમામ કોરોના વોર્ડ દર્દીઓથી ભરચક છે. હોસ્પિટલ બહાર સવાર સાંજ દર્દીઓની લાઈન લાગે છે. ત્યારે ગાંધીનગર શહેરમાં પણ કોરોના સંક્રમણના કેસમાં ઉછાળો આવતો જાય છે. શહેરમાં કુલ ૬૨ મૃતદેહની અંતિમક્રિયા કરવામાં આવી હતી. જેમાં કોરોના પોઝીટીવ ૪૫ દર્દીઓની અંગ્નિસંસ્કાર કરાયા હતા. જયારે ગાંધીનગર સેકટર-૩૦ મુકિતધામ ૩૯ અને સરગાસણ રૂદ્રભુમિ ખાતે ૬ મૃતકોની અંતિમવિધી કરાઈ હતી. ત્યારે ગાંધીનગરગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં પણ કોરોના કહેર મચાવતા નાગરીકો ભયભીત બન્યા છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સમિતિઓની રચના થયા બાદ આજે વધુ પાંચ સમિતિઓની રચના અને તેના ચેરમેનની નિયુક્તી કરી દેવાઈ છે.

● ગાંધીનગર શહેરમાં રોકેટ ગતિએ વધી રહેલા કોવિડ-૧૯ના સંક્રમણને લઈ શહેરમાં સેનીટાઈઝેશનની કામગીરી હાથ ધરવાની માંગ તીવ્ર થઈ રહી છે.

● ગાંધીનગર તાલુકા પંચાયતના વર્ગ-૪ ના કર્મચારી નટુભાઈનું કોરોનાની સારવાર દરમ્યાન મોત થયુ છે.

● ગાંધીનગર તાલુકામાં ૩૧ જેટલા ગામોમાં આંશિક સ્વૈચ્છિક લોકડાઉનનો નિર્ણય લેવાયો છે.

● ગાંધીનગર મહાનગર પાલિકાએ કોલવડા અને બોરીજ ખાતે આવેલા મુક્તિધામ સંકુલોમાં આજે ૧૦૦-૧૦૦ મણ લાકડા ફાળવી આપેલ છે.

● ગાંધીનગર જિલ્લામાં કોવિડ સંક્રમણને કારણે ઓક્સીજનની માંગમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી તંત્રએ આજે તે દિશામાં જ સતત બેઠકો અને સરકારમાં રજુઆતો કરવામાં વ્યસ્ત રહ્યુ હતુ.

● માણસા ખાતે શરૂ કરાયેલ કોવિડ કેર સેન્ટર ૯૬ કલાકમાં જ ઓક્સીજનની અછતને પગલે બંધ કરવુ પડ્યુ છે. અહિના દર્દીઓને ગાંધીનગર અને કોલવડા હોસ્પિટલમાં દાખલ કરાયા.

● રાજ્ય સરકારે ઓક્સીજનની વધતી જતી ડિમાન્ડને લઈ બે આઈ.એ.એસ. અધિકારીઓ ધનંજય દ્વિવેદી અને સંજીવકુમારને નોડલ ઓફિસર બનાવી ડિમાન્ડ અને સપ્લાયની જવાબદારી સોંપી છે.

● સેક્શન ઓફિસર્સ એસોસીએશનના પ્રમુખ જયેશ રાવલ કોરોનાથી સંક્રમિત થયા છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

## માસ કમ્યુનિકેશન અને જર્નાલિઝમમાં પાર્થ પટેલને પીએચડીની પદવી

ગાંધીનગર,

ગુજરાત યુનિવર્સીટીના માસ કમ્યુનિકેશન અને જર્નાલિઝમ ડિપાર્ટમેન્ટમાંથી પાર્થ પટેલે પીએચડીની પદવી પ્રાપ્ત કરી છે. પાર્થ પટેલ દ્વારા 'ગુજરાતના બંને મુખ્ય રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસની કમ્યુનિકેશન સ્ટ્રેટેજી' વિષય ઉપર ડો. દ્રષ્ટિ પટેલના માર્ગદર્શન હેઠળ અને ડિપાર્ટમેન્ટના વડા ડો.પ્રો. સોનલ પંડ્યાના સહકારથી મહાશોધ નિબંધ તૈયાર કરવામાં આવ્યો હતો, જેને ગુજરાત યુનિવર્સીટીએ માન્ય રાખી પાર્થ પટેલને પી.એચ.ડી.ની પદવી એનાયત કરાઈ છે. આ સંશોધનમાં ગુજરાતમાં છેલ્લા ૩૫ વર્ષની ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોની કમ્યુનિકેશન સ્ટ્રેટેજીનો અભ્યાસ કરાયો છે. ગુજરાતની રાજનીતિમાં સફળતા માટે કમ્યુનિકેશનના વિવિધ આયામો કેટલા જરૂરી છે તે આ મહાશોધ નિબંધના તારણોમાં જોવા મળે છે. અત્રે નોંધનીય છે કે આ સંશોધન દરમિયાન પાર્થ દ્વારા ૨૨ જેટલા વિષય અભ્યાસુઓના ઈન્ટરવ્યૂ કરવામાં આવ્યા હતા.



# ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૫ દિવસમાં ૧૦ ધન્વન્તરી આરોગ્ય રથ દ્વારા ૨૪, ૮૭૬ નાગરિકોના આરોગ્યની તપાસ

ગાંધીનગર, ૨૩

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસ વધી રહ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્ય લક્ષી સેવાને વધુ સુર્દઢ બનાવવા માટે આરોગ્ય તંત્ર દ્વારા ૧૦ ધન્વન્તરી આરોગ્ય રથ ફેરવામાં આવી રહ્યા છે. છેલ્લા ૧૫ દિવસમાં આ આરોગ્ય રથ દ્વારા ૪૬૨ ગામના ૨૪,૮૭૬ નાગરિકોની આરોગ્યની તપાસ કરી છે. ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પંદર દિવસથી કોરોનાના કેસ વધી રહ્યા છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા નાગરિકોને સામાન્ય બિમારી થઈ હોય તેમને દવા લેવા જવામાં કોઈપણ જાતની તકલીફ ન પડે તે માટે ગાંધીનગર




જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ધન્વન્તરી આરોગ્ય રથ ફેરવવામાં આવી રહ્યો છે. આ આરોગ્ય રથ દ્વારા તા. ૦૯ થી તા. ૨૩મી એપ્રિલ, ૨૦૨૧ એટલે કે છેલ્લા પંદર દિવસમાં જિલ્લાના ચાર તાલુકાના ૪૬૨ ગામોમાં આરોગ્ય લક્ષી સેવા આપી છે. ધન્વતરી આરોગ્ય રથ દ્વારા જિલ્લાના ૪૬૨ ગામોના ૨૪,૮૭૬ નાગરિકોના આરોગ્યની તપાસ કરી હતી. જેમાં ૧૦૧ જેટલા વ્યક્તિઓને તાવ હતો. તેમજ શરદી, કફ અને ખાંસીના ૯૧૦ દર્દીઓને સારવાર આપી છે. આ આરોગ્ય તપાસણી દરમ્યાન ડાયાબિટીસના ૬૮૫, હાઈ બ્લડ પ્રેશરના ૮૯૦ અને અન્ય ૨૨,૨૯૦ વ્યક્તિના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. તેમજ ૮૨ વ્યક્તિઓના મેલરિયાનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. ૩૨૨ એન્ટીગ ટેસ્ટ કન્ડેટ કરવામાં આવ્યા હતા. જેમાંથી ૩ કેસ પોઝિટીવ આવ્યા હતા. ૩૭ વ્યક્તિઓને આરોગ્ય ચકાસણી દરમ્યાન કોરોના હોવાની શક્યતા હોવાથી શીફટ કરવામાં આવ્યા છે.



ફરીવાર શહેરમાં કોરોના સંક્રમણે માથું ઉંચક્યુ છે અને આ વખતે પરિસ્થિતિ ખૂબ જ વિકટ બનવા પામી છે, અઘોષિત લોકડાઉન જેવી આ સ્થિતિમાં જરૂરિયાતમંદ વર્ગના શ્રમિક પરિવારોની હાલત ફરી કફોડી બની રહી છે. આ સ્થિતિમાં શહેરના નિષ્ઠા ફાઉન્ડેશન દ્વારા રામનવમીના પવિત્ર દિને સવાર-સાંજ એમ બે સમયે સાત્વિક ભોજન પીરસવાની સેવા પુરી પાડવામાં આવી હતી તેમજ તેમની સાથે આવેલા તબીબો શ્રમિકોને આરોગ્યલક્ષી માર્ગદર્શન તથા સારવાર પુરી પાડી હતી.

### સિવિલ તંત્રની ગંભીર બેદરકારી

## શ્વાસની બિમારીના વૃધ્ધને પોઝીટીવ માની કોરોનામાં દાખલ કરાતા વૃધ્ધનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના સેકટર-૨ ખાતે રહેતા વડીલ ને શ્વાસની બિમારીથી ઓકિસજન લેવલ ઘટી જતા સિવિલ તંત્રએ વડીલને કોરોના પોઝીટીવ વોર્ડમાં એડમીટ કરી દીધા હતા. ત્યારબાદ સારવાર દરમિયાન વડીલનું મૃત્યુ થયુ હતું. જયારે વડીલનો રીપોર્ટ નેગેટીવ હોવા છતા તેમની અંતિમ વિધી કોરોના ગાઈડ લાઈન મુજબ કરવાની ફરજ પાડી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. ત્યારે સિવિલની બેદરકારીનો વધુ નમુનારૂપ કિસ્સો સામે આવતા નાગરીકો પણ આશ્ચર્ય પામી ગયા છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના મહામંત્રી રાજેન્દ્ર પારેખના પિતા રમણલાલ ૮૯ વર્ષની વયના હતા. જેમને ગત તા.૯ એપ્રિલના રોજ અચાનક શ્વાસની બિમારી પગલે ગાંધીનગર હોસ્પિટલ સારવાર માટે ખસેડાયા હતા. ત્યાં વડીલને ઓકિસજન આપીને સારવાર શરુ કરી દીધી હતી, ત્યારબાદ વડીલને કોવીડ વોર્ડમાં એડમીટ માટેની તૈયારીઓ કરી દીધી હતી. જેને પગલે વડીલે કોરોના વોર્ડમાં દાખલ થવાની ના પાડી હતી. ત્યારબાદ શહેરની વિવિધ નામાંકિત હોસ્પિટલમાં સારવાર માટે મથતા વડીલનું ઓકિસજન લેવલ ઘટી જતા ૬૬ થઈ ગયું હતું. જેને પગલે વડીલને ફરીવાર સારવાર માટે ગાંધીનગર સિવિલ લવાતા તંત્રએ બેડ ખાલી ન હોવાનું કહ્યું હતું. પરંતુ પરિવારના સભ્યોની વિનંતી બાદ વડીલને ૭૦૪ નંબરના વોર્ડમાં એડમીટ કરાયા હતા. તા.૧૦ નારોજ પરિવારના સભ્યોને વડીલ પોઝીટીવ હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ તેઓને નેગેટીવ જાહેર કર્યા હતા. ત્યારે પરિવારના સભ્યો પોઝીટીવ-નેગેટીવ વચ્ચે અટવાયા હતા. તે સમયે સિવિલ તંત્રમાંથી ફોન આવ્યો કે વડીલનું મૃત્યુ થયું છે. જયારે રાજેન્દ્રભાઈ પોતાના પિતના મૃતદેહ લેવા માટે ગયા તો સિવિલ તંત્રએ વડીલનો મૃતદેહને કોથળીમાં પેક કરીને પીએમ રૂમ ખાતે મોકલી દીધો હતો. જયારે નેગેટીવ વડીલને અંતિમવિધી પણ પોઝીટીવ હોય તેમ કોરોના ગાઈડ લાઈન મુજબ કરાવવામાં આવી હતી.

**કોરોના રીપોર્ટ નેગેટીવ છતા કોરોના ગાઈડ લાઈન મુજબ અંતિમ સંસ્કાર કરાયા**

## ધણપ પાટીયા પાસે ટ્રકની અડફેટે બાઈક પર જતા યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૩

ચિલોડા-હિંમતનગર હાઈ વે પર ધણપ ગામ નજીક ટ્રકની ટક્કરે બાઈક પર જતા યુવકનું મૃત્યુ નિપજયુ છે. તલોદ ખાતે થી કામ પૂર્ણ કરીને સાળા-બનેવી પરત ફરી રહ્યા હતા તે સમયે અકસ્માત સર્જાયો હતો. જેમાં સાળાને માથાના ભાગે ગંભીર ઈજા થવાથી મૃત્યુ થયુ હતું. બનાવ અંગે અજીતજી પરમારની ફરીયાદ નોંધી પોલીસે તપાસ શરુ કરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મૃતક યુવાન છેલ્લા કેટલાક દિવસથી પોતાની સાસરીમાં દશેલા ખાતે સામાજીક કામ હોવાથી આવ્યા હતા. તા. ૨૨ એપ્રિલના રોજતેઓ તેમના કાકા સસરાનો દિકરો કાળાજી ચિનુજી ઠાકોર બાઈક પર કામ થી તલોદ ગયા હતા. કામ પૂર્ણ થયા પછી તેઓ ચિલોડા હિંમતનગર હાઈ વે પરથી પરત આવી રહ્યા હતા. ત્યારે સાંજના ૬ વાગ્યાના સુમારે રેટીના સ્ટોક નજીક હતા. તે સમયે અચાનક એક કન્ટેનર ચાલકે બાઈકને ટક્કર મારી હતી. જેને પગલે અજીતજી અને તેમનો સાળો કાળાજી બાઈક પરથી માર્ગ પર પટકાયા હતા. અજીતજીએ જોયુ તો અકસ્માત કરી નાસી જનાર કન્ટેનર લીલા કલરનની કેબીનવાળુ અને પીળાકલરની બોડી ધરાવતુ હતું. અકસ્માત બાદ રોકેટગતિએ કેન્ટેનર જતુ રહ્યું હોવાથી તેનો નંબર જાણી શકાયો ન હતો. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકોએ દોડી આવીને બંન્ને ઈજાગ્રસ્તને ઉંચકીને બાજુમાં લાવ્યા હતા. જયારે તાત્કાલીક ૧૦૮ ની ટીમ પહોંચી જઈને ચેક કરતા કાળાજીને મરણ જાહેર કર્યા હતા. યુવકના કપાળના ભાગે ગંભીર ઈજા પહોંચી હોવાથી ઘટના સ્થળે જ મૃત્યુ થયુ હતું. જયારે ગાંધીનગર સિવિલમાં અજીતજીને સારવાર માટે ખસેડાયા હતા. સારવાર બાદ અજીતજીએ કન્ટેનર ચાલક સામે ગુનો નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ચિરવિદાય

● રૂદ્રભૂમિ ●

- સ્વ. શાહ સ્વાતીબેન દિનેશચંદ્ર, ઉ.વ. ૭૨, સેક્ટર-૧
- સ્વ. શુક્લ જીભીસાબેન જયેશકુમાર, ઉ.વ. ૬૭, વાવોલ
- સ્વ. બેરા અશોકભાઈ રવજીભાઈ, ઉ.વ. ૫૧, સરગાસણ
- સ્વ. જાની ભરતકુમાર રામશંકર, ઉ.વ. ૫૩, સેક્ટર-૭
- સ્વ. રાવલ રેવાબેન હરજીભાઈ, ઉ.વ. ૫૨, સેક્ટર-૬
- સ્વ. ગઢાદરા ચંદુલાલ ગોરધનભાઈ, ઉ.વ. ૫૧, કુડાસણ
- સ્વ. રાવલ વિજયાબેન ઈશ્વરલાલ, ઉ.વ. ૭૨, સેક્ટર-૨૭
- સ્વ. પટેલ નટવરભાઈ રતનભાઈ, ઉ.વ. ૬૪, સેક્ટર-૫
- સ્વ. પંડ્યા જગદીશભાઈ નટવરલાલ, ઉ.વ. ૫૯, સેક્ટર-૪
- સ્વ. ત્રિવેદી સવિતાબેન કાન્તીલાલ, ઉ.વ. ૯૦, વાવોલ
- સ્વ. ટાંક કાન્તીલાલ દેવરાજ, ઉ.વ. ૮૭, રાંદેસણ
- સ્વ. વાઘેલા કનુભાઈ લક્ષ્મણસિંહ, ઉ.વ. ૪૩, સરગાસણ
- સ્વ. પ્રજાપતિ કાન્તીભાઈ કચરાભાઈ, ઉ.વ. ૬૯, સેક્ટર-૭
- સ્વ. પંડિત કૃષ્ણવદન ચંદુલાલ, ઉ.વ. ૮૯, સેક્ટર-૩
- સ્વ. પારેખ જતીન નટવરલાલ, ઉ.વ. ૬૫, સરગાસણ
- સ્વ. ભાવસાર શારદાબેન ભીખાભાઈ, ઉ.વ. ૯૩, રાંદેસણ
- સ્વ. ઉપાધ્યાય આશાગૌરી વિનુભાઈ, ઉ.વ. ૫૯, સેક્ટર-૨
- સ્વ. કરણસિંહ વાલાભાઈ દેસાઈ, ઉ.વ. ૭૧, સેક્ટર-૪
- સ્વ. કડીયા બળદેવભાઈ ચુનીલાલ, ઉ.વ. ૬૫, માણસા
- સ્વ. અગ્રવાલ કૈલાસચંદ્ર શુભરકરણ, ઉ.વ. ૭૧, પાલડી, અમદાવાદ
- સ્વ. ભટ્ટ મિનાક્ષીબેન કિરીટકુમાર, ઉ.વ. ૬૬, સરગાસણ
- સ્વ. વણઝારા યશવંતભાઈ સરદારભાઈ, ઉ.વ. ૪૧, સેક્ટર-૧૩
- સ્વ. પ્રજાપતિ વિમળાબેન કાળાભાઈ, ઉ.વ. ૪૩, વલાદ

# મનપા હસ્તક આવ્યાં પછી વાવોલ પીએચસી ખાતે કોવિડ ટેસ્ટીંગ બંધ કરાતાં હાલાકી..!!

### સત્વરે વાવોલ આરોગ્ય કેન્દ્રને ફરી કાર્યરત કરવા દેવેન્દ્રસિંહ ગોલની રજુઆત : આ સાથે ગામ અને સોસાયટી વિસ્તારની રોડ-રસ્તા-પાણી-વિજળી અને ગટરલાઈનની સમસ્યાઓ ઉકેલવા માંગ : તળાવની ગંદકી રોગચાળો નોંતરશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકામાં સમાવિષ્ટ વાવોલ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કોરોના ટેસ્ટીંગ બંધ કરી દેવામાં આવતાં સ્થાનિક જનતામાં રોષની લાગણી પ્રવર્તી રહી છે અને નાગરિકોને કોવિડ ટેસ્ટ માટે આમથી તેમ ભટકવાનો વારો આવ્યો છે. આ ઉપરાંત પીએચસી ખાતે અન્ય કોઈ સારવાર પણ આપવામાં આવતી નથી તેવી ફરિયાદ સાથે વાવોલ-કોલવડા વિસ્તારના અગ્રણી દેવેન્દ્રસિંહ ગોલ દ્વારા મ્યુનિસિપલ કમિશનર સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆતમાં દેવેન્દ્રસિંહે વાવોલ વિસ્તારમાં અન્ય સુવિધાઓ અંગેની સમસ્યા માટે પણ કાર્યવાહી કરવા માંગ કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર વાવોલ પીએચસી કેન્દ્ર જે મોટી આદરજ પીએચસીના અન્ડરમાં કાર્યરત હતુ તે હવે વાવોલનો મહાનગરપાલિકામાં સમાવેશ કરાતા મનપા હસ્તક લઈ લેવામાં આવ્યું છે. પરંતુ મનપા દ્વારા હજુ અહીં કોઈ કામગીરી શરૂ કરવામાં આવી નથી બલ્કે પહેલા જે કોવિડના રેપિડ અને આરટીપીસીઆર ટેસ્ટનું કામ થતું હતું તે પણ બંધ કરી દેવામાં આવ્યું છે. આ કારણે વાવોલ ગામ તથા સોસાયટી વિસ્તારના નાગરિકોને હવે કોવિડ ટેસ્ટ કરાવવા મોટી આદરજ ગામે અથવા ગાંધીનગરમાં સે. ૨ ના આધારે રહેવું પડે છે જ્યાં અત્યંત લાંબી લાઈનો લાગતી હોવાથી નાગરિકોને પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે અને ક્યારેક ધરમધક્કા પણ પડી રહ્યાં છે. અત્યારના કોરોના સંક્રમણની વિકટ પરિસ્થિતિમાં વાવોલ પીએચસીની કામગીરી બંધ થઈ જતા નાગરિકોમાં રોષ પ્રવર્તી રહ્યો છે જેને સ્થાનિક અગ્રણી દેવેન્દ્રસિંહ ગોલે વાચા આપવાનું કામ કરતા મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરીને વાવોલ પીએચસી ખાતે કોવિડ ટેસ્ટીંગ સહિત અન્ય સારવારની સુવિધાઓ સત્વરે શરૂ કરવા માંગ કરવામાં આવી છે. આ સાથે વાવોલ ગામના તરપોજવાસ, આંટાવિસ્તાર, ઠાકોરવાસ સહિત જૂની સોસાયટીઓ જેવી કે હરીનગર, મિહિરપાર્ક, અંકુર ફ્લેટ, નારાયણનગર વગેરેમાં ગટરલાઈનની સમસ્યા, નર્મદાના પાણીના સપ્લાયની જરૂરિયાત, વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વૉટર લાઈન સહિતની સમસ્યાઓ અંગે પણ દેવેન્દ્રસિંહ ગોલે રજૂઆત કરી છે. આ સાથે હરીનગર સોસાયટીથી 'ખ' રોડને જોડતા જુના પશુ દવાખાના તરફના રેલવેફાટકવાળા માર્ગની બિસ્માર હાલત, ગામ અને ટીપી વિસ્તારમાં રોડ, સ્ટ્રીટલાઈટ સહિતની સમસ્યાઓ તેમજ મહાકાળી મંદિર પાસેના વાવોલના તળાવમાં ગંદકીના થર સાથે અસહ્ય દુર્ગંધયુક્ત વાતાવરણ સર્જાઈને રોગચાળાનો મંડરાતો ખતરો જેવી સમસ્યાઓ અંગે પણ દેવેન્દ્રસિંહ ગોલે રજૂઆત કરી સત્વરે તમામ સમસ્યાઓ ઉકેલવા માંગ કરી છે.

### 'ક'રોડથી રેલવે સ્ટેશન પાસેનો અન્ડર પાસ ખુલ્લો મુકવા માંગ

હાલ કોરોના સંક્રમણની વ્યાપકતાને કારણે સતત એમ્બ્યુલન્સો માર્ગ પર દોડતી જોવા મળે છે. વાવોલ વિસ્તારમાંથી પણ દર્દીઓને સિવિલ હોસ્પિટલ લઈ જતી એમ્બ્યુલન્સને રેલવે ફાટક વારંવાર નડી રહ્યું છે જેના કારણે દર્દીઓની સ્થિતિ વધુ ગંભીર બની રહી છે. વાવોલથી ક-માર્ગ પર રેલવે સ્ટેશનની બાજુમાં થઈને ખ-રોડ પર મહાત્મા મંદિર પાસે નીકળતો અન્ડર પાસ સંપૂર્ણપણે તૈયાર હોવા છતાં તેને ખુલ્લો મુકવામાં આવતો નથી. જો આ અન્ડરપાસ ખુલ્લો મુકાય તો એમ્બ્યુલન્સ સહિત દર્દીઓને લઈ જતા વાહનોને પણ અવરજવરમાં સરળતા રહે તેવી રજૂઆત દેવેન્દ્રસિંહ ગોલે કરી છે.